

# આહ્વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647

વર્ષ - ૫૨ | જાન્યુઆરી - ૨૦૨૪ | પત્ર - ૧૨૫

## આરાધના

**યોહાન ૪:૨૩-૨૪**



વિશ્વાસી વ્યક્તિના જીવનમાં આરાધના મુખ્ય સ્થાનમાં હોય છે. જેઓ પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરી જીવનનું અર્પણ કરે છે, તેઓ જીવનમાં પ્રભુની સંગત, સ્તુતિ અને આરાધનાને પ્રથમ સ્થાન આપે છે.

પ્રભુની આરાધના પવિત્ર બાઈબલમાં આપણે પ્રથમથી જ જોઈ શકીએ છીએ. ગીતશાસ્ત્રના પુસ્તકમાં ઘણા ગીતો સમૂહ આરાધના અને તેના આમંત્રણ આપતા વાંચવા મળે છે. ગીતશાસ્ત્ર ૮૪ અને ૯૫માં આ બાબત જોવા મળે છે.

નવા કરારમાં લૂક ૪:૧૬ પ્રમાણે પ્રભુ ઈસુ સભાસ્થાનમાં જોવા મળે છે. પ્રેરિતોના કૃત્યો ૨:૪૨ પ્રમાણે શરૂઆતના વિશ્વાસીઓ સંગતમાં રહેતા હતા. નિત્ય મળતા અને સ્તુતિ-આરાધના કરતા હતા. વિશ્વાસી સમૂદાય માટે પ્રભુની સંગત, સ્તુતિ-આરાધના, ભજનસેવા એ મુખ્ય પાયાની અને અનિવાર્ય બાબત છે. પ્રભુએ માનવજાતને તેમની સ્તુતિ-આરાધના માટે જ ઉત્પન્ન કર્યા છે. યશાયા ૪૩:૭, ૨૧ વચનોમાં પ્રભુ આજ બાબત જણાવે છે કે સર્વને મેં મારા મહિમા અને સ્તુતિ માટે બનાવ્યા છે.

પ્રભુએ આપણને જે હેતુને માટે ઉત્પન્ન કર્યા એ વિસરી જઈએ તો એના જેવી બીજી કોઈ દુઃખદાયક બાબત ના હોઈ શકે.

આજના સમયમાં પ્રભુની સ્તુતિ-આરાધના, ભજનસેવા માટે ઘણા પોતાના વિચારો, મંતવ્યો પોતાની રીતે રજૂ કરે છે. ઘણા માટે ભજનસેવાનો સમય એ પોતાના કાર્યો માટે ઉપયોગમાં લેવાનું યોગ્ય સમજે છે. ઘણા પોતાના ઘરે બેસી જ પ્રાર્થના કરવાની બાબત જણાવે છે. આ સાથે અત્યારના ટૅકનૉલૉજી-ઈન્ટરનેટના વ્યાપક ઉપયોગમાં ઘણા માટે આ જગીક બાબતો જ તેમના માટે દેવ સમાન બની જાય છે.

દરેક વ્યક્તિઓ પોતાની રીતે, પોતાને માફક અને અનુકૂળ આવે તેવા વિચારો દર્શાવે છે. પરંતુ પ્રભુનું વચન નીતિવચન ૧૬:૨માં જણાવે છે કે માણસના સર્વ માર્ગો તેની પોતાની નજરમાં તો ચોખ્ખા છે; પણ યહોવા તેમના મનની તુલના કરે છે. પ્રભુના વચન અને શિક્ષણના માપદંડ પ્રમાણે આપણે આપણા પોતાના વિચારો અને રજૂઆત તથા સમજ પ્રમાણે આપણે વિચાર કરીએ કે તે કેટલા યોગ્ય છે.

વ્હાલાઓ, પ્રભુના વચનો અને શિક્ષણ, સમજ અને આજ્ઞાઓને આપણે આપણી વ્યવસ્થા, વિચારો અને સમાધાનકારી વલણ પ્રમાણે સ્વરૂપના આપીએ પણ પ્રભુની દ્રષ્ટિથી વિચારીએ અને આધિન થઈ પ્રભુની આરાધના-ભજનસેવાને પ્રથમ સ્થાન આપી પ્રભુની સ્તુતિ કરીએ અને પ્રભુને મહિમા આપીએ.

વ્હાલાઓ આપણે વિશ્વાસુ જીવનમાં સમૂહ-આરાધના, ભજનસેવાને અગ્રસ્થાન આપીએ અને આ દ્વારા દેવને પ્રસન્ન કરનાર બનીએ.

## ગત માસના કાર્ય તરફ દ્દષ્ટિપાત

- તા.૩-૧૨-૨૩ બપોરે ૨:૦૦ થી ૪:૦૦ દરમિયાન સન્ડેસ્કૂલના બાળકોની ડિસ્ટ્રીક્ટ સન્ડેસ્કૂલ આયોજીત પરીક્ષા લેવામાં આવી.
- તા. ૩-૧૨-૨૩ બપોરે ૪:૩૦ કલાકે મેથોડિસ્ટ ચર્ચ શાહપુરના ૫૦ વર્ષ પૂર્ણ થયાં હોવાથી સુવર્ણ જયંતિ મહોત્સવ પ્રસંગે ખાસ આભારસ્તુતિની ભજનસેવા રાખવામાં આવી હતી.

  આ ભજનસેવામાં માનવંત બિશપ એન. એલ. કરકરે સાહેબે હાજર રહી સુંદર ઉત્તેજનદાયક વચન આપ્યું હતું. અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટના ડિ.સુ. રેવ. સ્મિતાબેન રોઝિયા સાહેબે ભાષાંતરની સેવા આપી હતી તથા શુભેચ્છાના શબ્દો દ્વારા ઉત્તેજન આપ્યું હતું. બિશપ સાહેબ, ડિ.સુ. સાહેબ તથા સ્થાનિક પાળકને ભેટ આપી હતી. બિશપ એન.એલ.કરકરે સાહેબ તથા ડિ.સુ. રેવ. સ્મિતાબેન રોઝિયા સાહેબનો આભાર.

  આ ભજનસેવામાં કોન્ફરન્સના સર્વ ડિ.સુ. સાહેબો, એક્ઝિ. સેક્રેટરી, એક્ઝિ. બોર્ડના સભ્યો, એમ.સી.આઈ. સ્તરના આગેવાનો, ડિકનેસ બહેનો, પાળક સાહેબો તથા દાતાઓએ હાજરી આપી હતી. સ્થાનિક ચર્ચ તરફથી માનવંત બિશપ સાહેબને ગુલાબનો હાર પહેરાવી તથા શૉલ ઓઢાડી સન્માન કર્યું હતું. આમંત્રિત સર્વને બૂકે આપી આવકારવામાં આવ્યા હતા. સર્વ ડિ.સુ. સાહેબો તથા એક્ઝિ. સેક્રેટરીને શૉલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી એન્થનીભાઈ એસ. ઈમાનુએલ દ્વારા ચર્ચનો ઈતિહાસ રજૂ કરવામાં આવ્યો હતો. સન્ડેસ્કૂલની બાળાઓએ સુંદર પ્રાર્થના ગીત રજૂ કર્યું હતું. સન્ડેસ્કૂલ સુપ્રિ. શ્રીમતિ સારાબેન ટેલર તથા શિક્ષકોનો આભાર.

  સ્થાનિક ચર્ચમાં સેવા આપી ગયેલ સર્વ હયાત પાળક સાહેબો તથા જે પાળકો પ્રભુમાં ઊંઘી ગયા તે પાળક પત્નીઓને શૉલ ઓઢાડી અને ભેટ આપવામાં આવી હતી.

  શ્રી આલાપભાઈ માસ્ટરે માનવંત બિશપ સાહેબ, કોન્ફરન્સના આગેવાનો, આમંત્રિતો તથા સ્થાનિક ચર્ચ, પાસ્ટોરેટ કમિટી, કારભારીઓ, ક્વાયરની સેવા માટે ખાસ આભાર માનવામાં આવ્યો હતો.

  ચર્ચનું ડેકોરેશન કરવાાં આવ્યું હતું. કલર કાર્ય, રીનોવેશન તથા સુથારી કાર્ય પણ કરવામાં આવ્યું હતું. ખાસ શ્રી ઓલ્ડ્રીચ એ. ગામડિયા દ્વારા પુલ્પિટ અને ચર્ચ ગેટનું ડેકોરેશન કરી આપવામાં આવ્યું હતું. તેઓનો આભાર. શ્રી કેનીભાઈ ટેલર દ્વારા સુંદર બેનર બનાવી આપવામાં આવ્યું હતું. તેઓનો આભાર.
- તા. ૭-૧૨-૨૩ના રોજ બાઈબલ સોસાયટીની આભારસ્તુતિની સંગત એલિસબ્રીજ સી.એન.આઈ. ચર્ચમાં રાખવામાં આવી હતી. શ્રી એન્થનીભાઈ એ. ક્રિશ્ચિયન અને શ્રીમતી શશીબેન એસ. પરમારને શિલ્ડ આપવામાં આવ્યો હતો. અભિનંદન.
- તા. ૧૦-૧૨-૨૩ રવિવારની ભજનસેવા ચલાવી. પાળક કુટુંબ તરફથી સર્વને ચ્હા-નાસ્તો આપવામાં આવ્યો હતો. બપોરે સ્થાનિક મહિલા મંડળ ઉમરેઠ ડિસ્ટ્રીક્ટની પીલોલ મંડળીમાં જરૂરિયાતમંદોને મદદ માટે ગયા હતા. વિગતવાર અહેવાલ અલગ આપવામાં આવેલ છે.
- તા. ૧૬-૧૨-૨૩ના રોજ લીડ સેન્ટર અમદાવાદ ખાતે ગુજરાત રીજીનલ કોન્ફરન્સના પાળક કુટુંબોની નાતાલ સંગતમાં હાજરી આપી. માનવંત બિશપ એન. એલ. કરકરે દ્વારા ખૂબ જ ઉત્તેજનદાયક સંદેશો આપવામાં આવ્યો. દરેક ડિસ્ટ્રીક્ટ તરફથી કાર્યક્રમ આપવામાં આવ્યો હતો.
- તા. ૧૭-૧૨-૨૩ રવિવારની ભજનસેવા ચલાવી. સ્થાનિક મહિલા મંડળ દ્વારા ચ્હા-નાસ્તો આપવામાં આવ્યો હતો.
- તા. ૧૯-૧૨-૨૩ના રોજ શ્રી નિલેષભાઈ એસ. ક્રિશ્ચિયનના દીકરા રેનોલ્ડ (યુ.એસ.એ.)ની સગાઈ કેટી (યુ.એસ.એ.) સાથે RIO હોટેલમાં કરવામાં આવી હતી. અભિનંદન.
- તા. ૨૪-૧૨-૨૩ રવિવારની ભજનસેવામાં કેરલ્સનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ક્વાયર દ્વારા સુંદર ગીતો ગાવામાં આવ્યા હતા. કેરલ્સ દાન લેવામાં આવ્યું હતું. સર્વને નાતાલ અને નવા વર્ષની શુભેચ્છા-સલામ પાઠવવામાં આવી હતી. ક્રિસમસ ફાધરે સર્વને આનંદ પૂરો પાડ્યો હતો. ભજનસેવા બાદ ગરબા ગાવામાં આવ્યા હતા.

  શ્રી નિલેષભાઈ એસ. ક્રિશ્ચિયન તરફથી તેમના દીકરા રેનોલ્ડની સગાઈ થવાથી ભજનસેવા બાદ સર્વ માટે ભોજનની વ્યવસ્થા કરી હતી. આભાર. ક્વાયરની સેવા માટે પુષ્કળ આભાર.
- તા. ૨૫-૧૨-૨૩ નાતાલની ભજનસેવામાં સર્વએ આનંદ અને ઉત્સાહથી ભાગ લીધો હતો. ભજનસેવા બાદ શ્રી લિનિયસભાઈ એસ. પેલમોર કુટુંબ તરફથી સર્વ માટે ચ્હા-કેકની વ્યવસ્થા કરવામાં આવી હતી. ખૂબ આભાર.
- તા. ૩૦-૧૨-૨૩ બપોરે ૩-૦૦ કલાકે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટના સાંસ્કૃતિક કાર્યક્રમમાં આઈ.પી.મિશન કંપાઉન્ડમાં હાજરી આપી. ડિ.સુ. રેવ. સ્મિતાબેન રોઝિયાસાહેબે મનન કરાવવું. સ્થાનિક ચર્ચ સન્ડેસ્કૂલ બાળાઓએ અંગ્રેજી-કેરલ્સ ગીતો રજૂ કર્યા. સન્ડેસ્કૂલ સુપ્રિ. શ્રીમતી સારાબેન ટેલર અને શ્રી એન્થનીભાઈ ઈમાનુએલે મદદ કરી તેઓનો આભાર. શ્રી કેનીભાઈ ટેલર ક્રિસ્મસ ફાધર તરીકે આનંદ કરાવ્યો. આભાર.
- તા. ૩૧-૧૨-૨૩ રવિવારની ભજનસેવામાં આભારસ્તુતિ કરવામાં આવી. ભજનસેવા બાદ યુવા વર્તુળ દ્વારા ભોજનની વ્યવસ્થા આપવામાં આવી હતી. આભાર. પાસ્ટરેટ કમિટી મળી હતી.

  સાંજે ૮:૩૦ થી ૧૨ સુધી રમત-ગમત અને વોચનાઈટ સર્વિસમાં મળ્યા હતા. યુવા વર્તુળ દ્વારા રમત-ગમત કરાવવામાં આવી હતી. શ્રી એન્થનીભાઈ એસ. ઈમાનુએલ અને શ્રી આલાપભાઈ માસ્ટરે રમતમાં નંબર મેળવનારને રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. સર્વ માટે ચ્હા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

  ચર્ચમાં આભારસ્તુતિ સાથે સાક્ષીઓ આપવામાં આવી હતી જે ખૂબ જ ઉત્તેજનદાયક સમય હતો. રાત્રે ૧૨:૦૦ કલાકે સર્વએ નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. આ સાથે ફટાકડાના આનંદ સાથે નવા વર્ષને આવકારવામાં આવ્યું હતું. રીયાન એસ. માસ્ટર તરફથી ફટાકડા સ્પોન્સર કરવામાં આવ્યા હતા. આભાર.

## ચર્ચમાં મળેલ ભેટ, આભાર

- શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયન તથા કુટુંબ અને શ્રી રાજેશભાઈ એસ. ક્રિશ્ચિયન કુટુંબ તરફથી ચર્ચ ક્વાયર માટે ખુરશી નંગ-૧૦ ભેટ આપવામાં આવી છે. ખૂબ આભાર.
- શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી તરફથી પ્રભુભોજન ખર્ચ આપવામાં આવેલ છે. આભાર.
- અનામી દાતા તરફથી માસિક ચર્ચ-બુલેટીન માટે ખર્ચ મળેલ છે. આભાર.
- શ્રી ઓલ્ડ્રીચ ઓ. ગામડિયા કુટુંબ તરફથી વર્ષ દરમિયાનના ફુલહાર ખર્ચ માટે વચન મળેલ છે. આભાર.
- નાતાલ પર્વ સમયે ચર્ચના જરૂરિયાતમંદ કુટુંબોને ખાસ કરિયાણા કીટ આપવામાં આવી હતી. કીટ તૈયાર કરવામાં શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન અને શ્રી શામીભાઈ ગામડિયાએ મદદ કરી હતી. આભાર.
- ચર્ચ પર લાઈટીંગ ડેકોરેશન શ્રી શામીભાઈ ગામડિયાએ કર્યુ હતું. સ્ટાર શ્રી એન્થનીભાઈ ક્રિશ્ચિયન અને શ્રી કેનીભાઈ ટેલરે બનાવ્યો હતો તથા ક્રિસમસ ટ્રી યુથ વર્તુળે તૈયાર કર્યુ હતું. સર્વનો આભાર. જુદા જુદા કાર્યોમાં મદદરૂપ બનનાર પગી શ્રી સુલેમાનભાઈ ખ્રિસ્તી તથા કુટુંબનો પણ આભાર.
- વર્ષ દરમિયાન ચર્ચના વ્હાલા સર્વ પરિવાર સભ્યોના પ્રેમ, ઉત્તેજન, મદદ અને સહકાર તથા આપ સર્વનો ઉદાર દાન-દશાંશો માટે પુષ્કળ આભાર.
  મારા કુટુંબમાં શ્રીમતી રોઝમેરી ખ્રિસ્તી તથા બાળકો કુ. રોમી અને જોયનો પણ આભાર.
- વર્ષ દરમિયાન પાસ્ટોરેટ કમિટી, કારભારીઓ, સન્ડેસ્કૂલ, ક્વાયર, મહિલામંડળ સર્વનો પુષ્કળ આભાર.
- અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટના પાળક કુટુંબોની સંગત-ભેટ માટે જે વ્હાલાઓએ ઉદારતાથી દાન આપ્યા તે સર્વનો પુષ્કળ આભાર.

## પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| ક્રમ | નામ | વિગત | રકમ |
|---|---|---|---|
| ૧. | એશરોન એ. પેટ્રીક | બર્થડે | ૫૦૦ |
| ૨. | શ્રીમતી રૂફીના શાહ | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૩. | શ્રીમતી ડાયનાબેન એમ. ચૌહાણ | બર્થડે | ૫૦૦ |
| ૪. | રીયાન સી. સોલંકી | બર્થડે | ૫૦૦ |
| ૫. | શ્રી સિલાસભાઈ જી. ચૌહાણ | આ.સ્તુ. | ૫૦૦ |
| ૬. | શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૭. | કુ. સિલિયાબેન એસ. મેકવાન | આ.સ્તુ. | ૫૦૦ |
| ૮. | અર્પણ એ. સોલોમન | બર્થડે | ૨૦૦ |
| ૯. | શ્રીમતી જુલીએટ ક્રિસ્ટી | આ.સ્તુ. | ૨૦૦ |
| ૧૦. | શ્રીમતી રીન્કીનાબેન એ. ઈમાનુએલ | બર્થડે | ૫૦૦ |
| ૧૧. | શ્રી/શ્રીમતી એન્થનીભાઈ એ. ઈમાનુએલ | લ.દિ. | ૫૦૦ |
| ૧૨. | બાળકો એરોન-આર્યાના અરોરા | બર્થડે | ૫૦૦ |
| ૧૩. | શ્રીમતી પદ્માબેન એસ. ભાટીયા | બર્થડે | ૨૦૦૦ |
| ૧૪. | શૌર્ય એસ. ભાટીયા | બર્થડે | ૨૦૦૦ |
| ૧૫. | જૉય જે. મેકવાન | બર્થડે | ૫૦૦ |
| ૧૬. | જેક એમ. રાઠોડ | આભારસ્તુતિ | ૧૦૦ |
| ૧૭. | શ્રીમતી પારૂલબેન ઓ. ગામડિયા | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૮. | લવ્યાંસ આર. ફ્રાન્સિસ | બર્થડે | ૫૦૦ |
| ૧૯. | શ્રી અતુલભાઈ પી. મહિડા | આ.સ્તુ. | ૫૦૦ |
| ૨૦. | ઈયાન એ. મહિડા | આ.સ્તુ. | ૫૦૦ |
| ૨૧. | સ્વ. ફ્રેન્કલીનભાઈ ડી. ટેલર | બર્થડે | ૫૦૦ |
| ૨૨. | શ્રી શૈલેષભાઈ જે. માસ્ટર | બર્થડે | ૫૦૦ |
| ૨૩. | શ્રી નિલેશભાઈ એસ. ક્રિશ્ચિયન દીકરા રેનોલ્ડની સગાઈ કેટી સાથે થવાથી | આ.સ્તુ. | ૨૦૦૦ |

## BIRTHDATE IN JANUARY

| | |
|---|---|
| ૨/૧ | વેલેરી એ. ક્રિશ્ચિયન |
| ૩/૧ | એનેટ એ. ક્રિશ્ચિયન |
| ૩/૧ | જેનીફર જે. મહિડા (U.S.A.) |
| ૪/૧ | ડૉ. કેયુર એમ. ચૌહાણ (U.S.A.) |
| ૪/૧ | એન્થની એસ. ઈમાનુએલ |
| ૭/૧ | ડેની એ. હેરી |
| ૭/૧ | પ્રકાશ એસ. ખ્રિસ્તી |
| ૮/૧ | એનન એલ. પેલમોર |
| ૯/૧ | શ્રેયાંશી એસ. અર્લિક |
| ૧૦/૧ | અર્પિતા ડી. હેરી |
| ૧૧/૧ | નિમીષા પી. ક્રિશ્ચિયન |
| ૧૪/૧ | નિરવ આર. મહિડા |
| ૧૫/૧ | અશ્વિન બી. પરીખ |
| ૧૭/૧ | લીના એ. પેટ્રીક |
| ૧૮/૧ | રીનીશા પી. ક્રિશ્ચિયન |
| ૧૮/૧ | વાયોલેટ વી. ક્રિશ્ચિયન |
| ૧૮/૧ | બ્રિન્ઝા આર. મોદી |
| ૧૮/૧ | ટ્રીના ડી. હેરી |
| ૧૯/૧ | જ્યોતિ કે. વાઘેલા |
| ૨૩/૧ | વિક્ટરભાઈ વી. મેકવાન |
| ૨૫/૧ | અતુલ પી. મહિડા |
| ૨૬/૧ | ફ્રેની એ. ક્રિશ્ચિયન |
| ૩૧/૧ | યાચના એસ. ક્રિશ્ચિયન |

## નાણાંકીય અહેવાલ નવેમ્બર - ૨૦૨૩

| | | |
|---|---|---|
| તા.૦૧-૧૧-૨૩ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૧૫,૧૨૪.૮૮ |
| | બેંકમાં | ૮,૨૬,૨૨૧.૫૯ |
| તા.૩૦-૧૧-૨૩ની | આવક | ૩,૯૮,૦૨૧.૦૦ |
| | કુલ | ૧૨,૩૯,૩૬૭.૪૭ |
| તા.૩૦-૧૧-૨૩ની | બંધ સિલક | |
| | રોકડ | ૧,૧૨,૫૫૧.૮૮ |
| | બેંક | ૯,૪૦,૭૯૭.૫૯ |
| તા.૩૦-૧૧-૨૩ની | જાવક | ૧,૮૬,૦૧૮.૦૦ |
| | કુલ | ૧૨,૩૯,૩૬૭.૪૭ |

શ્રી મનોજકુમાર સી. ચૌહાણ, ટ્રેઝરર

**: જાહેરાતો :**

- ૧ શમુએલ ૧૬ થી ૩૧ અધ્યાયની બાઈબલ ક્વીઝ તા. ૪-૨-૨૪ રવિવારે ભજનસેવા બાદ લેવાશે.
- ૨૦૨૪નું વર્ષ યોહાન ૪:૨૩-૨૪ પ્રમાણે 'આરાધના' વર્ષ તરીકે ઉજવવામાં આવશે.

# મહિલામંડળનો રિપોર્ટ

**'ગરીબ પર દયા રાખનારને ધન્ય છે.' નીતિવચન ૧૪:૨૧**

પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ.

મંડલીના પાળકસાહેબ તથા કુટુંબ, પાસ્ટોરેટ કમિટીના સભ્યો તથા મંડળીના સર્વ ભાઈબહેનોને નાતાલ તથા નવા વર્ષની પ્રેમી સલામ.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ગામડાના લોકોમાં નાતાલનો આનંદ વહેંચવા માટે મહિલામંડળ દ્વારા આયોજન કરવામાં આવ્યું. તેમાટે  તા. ૧૦-૧૨-૨૩ના રવિવારે રેવ. અરવિંદ ખ્રિસ્તી સાહેબ, શ્રીમતી રોઝમેરીબેન, શ્રીમતી કમળાબેનની આગેવાની હેઠળ મહિલામંડળના કારભારી તથા મંડળીના સેક્રેટરીએ પીપોલ ગામની મુલાકાત લીધી.

તા. ૧૦-૧૨-૨૩ના રવિવારે ચર્ચ છૂટ્યા પછી બધા બપોરે ૧૨:૪૦ વાગે નીકળ્યા અને પીલોલ પહોંચ્યા. ત્યાંના ડિ.સુ. રેવ. વિનોદ ક્રિશ્ચિયન સાહેબ તથા સ્થાનિક પાળક રેવ. વિજય મેકવાન સાહેબ ત્યાં હાજર હતા. તેઓએ પીલોલના હેબ્રોન મેથોડિસ્ટ ચર્ચમાં અમારો આવકાર કર્યો. ત્યાંના સ્થાનિક પાળક રેવ. વિજય મેકવાન સાહેબે ડિ.સુ. વિનોદ સાહેબ, શ્રીમતી સ્ટેલાબેન, રેવ. અરવિંદસાહેબ તથા શ્રીમતી રોઝમેરીબેનની ઓળખાણ કરાવી. રેવ. અરવિંદસાહેબે મહિલામંડળની બહેનોની તથા ચર્ચના સેક્રેટરીની ઓળખાણ કરાવી. બધાએ ભેગા મળી ઉત્સાહથી તાળી પાડી.

ભજનસંગ્રહમાંથી ગીત નં. ૭૦ ગાયું. પ્રભુ ઈસુના જન્મસંબંધી રેવ. અરવિંદ સાહેબે મનન કરાવ્યું. રેવ. વિજય સાહેબે સ્થાનિક લોકો દ્વારા ફૂલોની કલગી આપી દરેકનું સ્વાગત કર્યું. મહિલા મંડળ દ્વારા તૈયાર કરાયેલ વસ્તુઓ તથા કીટ અને સન્ડેસ્કૂલ વી.બી.એસ.ના બાળકો દ્વારા શ્રમદાનમાંથી લાવેલી ગીફ્ટ ત્યાંના સ્થાનિક લોકોને આપવામાં આવી. આ મુલાકાત બહુ જ સફળ રહી. ખરેખર જેને જરૂરિયાત હતી. તેઓને આપી શક્યા માટે ઈશ્વરનો આભાર માનું છું.

| | **દાતા મિત્રો** | **આપેલ વસ્તુઓ** |
|---|---|---|
| ૧. | કોલીન તથા રેજીના ડેવિડના કુટુંબ તરફથી ડેડી સેમ્યુલભાઈની યાદમાં - | ૨૧ બ્લેન્કેટ |
| ૨. | જીમી ડેવિડના કુટુંબ તરફથી પત્ની સ્વ. શેફાલી જીમી ડેવિડની યાદમાં - | ટુવાલ ૨૧, ઘઉંનો લોટ ૪૨ કિલો |
| ૩. | શ્રીમતી ડાયનાબેન ચૌહાણ તરફથી - | સાડી ૨૦ નંગ |
| ૪. | શ્રીમતી સ્મિતલતાબેન ક્રિશ્ચિયન તરફથી - | ખાંડ ૨૦ કિલો |
| ૫. | શ્રીમતી ડોરોથીબેન દાસ તરફથી - | દાળ ૨૦ કિલો, ચોખા ૪૦ કિલો, તેલ ૨૦ કિલો, મોજા ૨૦ જોડી |
| ૬. | વી.બી.એસ.ના બાળકોએ આપેલા શ્રમદાનમાંથી - | ડબ્બા ૨૦ નંગ, બિસ્કીટ, ચોકલેટ્સ |
| ૭. | શ્રીમતી પ્રતિમાબેન તરફથી - | પાણીની બોટલ ૨૦ નંગ |

દાતામિત્રોએ ઉદારતાથી આપેલ વસ્તુઓ માટે હૃદયના ઊંડાણથી આભાર માનું છું. રેવ. અરવિંત ખ્રિસ્તીસાહેબ તથા શ્રીમતી રોઝમેરીબેન, શ્રીમતી કમળાબેનના સાથ, સહકાર, માર્ગદર્શન તથા દોરવણી આપી કાયમ સાથે રહ્યા માટે હૃદયના ઊંડાણથી આભાર માનું છું. ચર્ચના સ્થાનિક મહિલામંડળના બહેનો તથા ચર્ચના સર્વ ભાઈબહેનોનો ખૂબ ખૂબ આભાર માનું છું. તેઓ કાયમ મહિલામંડળને સાથ અને સહકાર આપે છે માટે હું દરેકનો આભાર માનું છું. ચર્ચના પગી સોલોમનભાઈ તથા મંજુબેનનો પણ આભાર માનું છું.

થેન્ક્યુ ઑલ.

તા. ૧૭-૧૨-૨૦૨૩ના રવિવારે મહિલામંડળ દ્વારા મઠિયા વેચાણનો પ્રોજેક્ટ મંડળીના ભાઈબહેનોએ સહાક આપી સફળ બનાવ્યો માટે સોનો અંતઃકરણપૂર્વક હું આભાર માનું છું.

તા. ૧૦-૧૨-૨૩ના રવિવારે પીલોલ ગામે મહિલામંડળ દ્વારા નાતાલનો આનંદ વહેંચવા ગયા હતા ત્યારે બસના ડ્રાઈવરને ગીફ્ટ રૂ. ૨૦૦ શ્રીમતી કલ્પનાબેન ચૌહાણ તરફથી આપવામાં આવી હતી.

પ્રમુખ
**શ્રીમતી મંદાકિની એલ. પેલમોર**
સ્થાનિક મહિલામંડળ